સાલ : ૭ / સિલસિલાવાર નંબર : ૮૩ / શુમારો : ૧૧ بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ફુલ પાના - ૮+૨

مشکوۃ الہادی
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ ઝિલકાદ ૧૪૩૧ હી., ૮-૧૦-૨૦૧૦

# -::: અસ્હાબુલ ફીલ અને અસ્હાબુલ હક્ક :::-

## ⇨ કાઅબતુલ્લાહની અઝમત અને તેના દુશ્મનો :

અરબસ્તાનમાં કાઅબતુલ્લાહની એ શાન હતી કે, હર અરબી શખ્સનું દિલ તેના તરફ ખેંચાતુ હતું અને કાઅબાના સબબ જ મક્કા અરબ લોગોનું મરકઝ હતું. જેમ અબ્રહાની આઁખમાં કાઅબાની આ શાન કાંટાની જેમ ખુંચતી હતી તેમ તેના અગાઉના યમનનાં નસ્રાની બાદશાહો જેમકે હિસ્સાનને પણ અઝમતે કાઅબા જોવાતી ન હતી. હિસ્સાને એવી તરકીબ સોચી કે, કાઅબાને તેની બુનિયાદથી ઉખેડી દે અને તેના પત્થરોને ઉચકી લઈ યમનના પાટનગર સન્આમાં કાઅબાની નવેસરથી તાઅમીર કરે. એના વકતમાં મક્કામાં આલે ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) ના શાહઝાદા મૌ.ફિહર બિન માલિક સરદાર હતા. તેઓએ કિનાના કબીલાવાલાઓની મદદથી હિસ્સાનના હમ્લાનો ખૂબ દટીને મુકાબલો કીધો અને એને કેદ કરી લીધો. આવી શાનદાર ફતેહયાબી ફિહરના હાથ પર થઈ તે જોઈને અરબના કબીલાવાલાઓએ તેઓને "**કુરૈશ**" નો આઅલા ખિતાબ ઈનાયત કીધો, જેની ઝિક્રમાં કુરઆને કરીમમાં સૂરએ કુરૈશમાં તેમની યમન અને શામ તરફ ગરમી અને શરદીની મૌસમની સફરની બયાની છે.

હિસ્સાન પછી અબ્રહતુલ અશરમે કાઅબા પર લશ્કરકશી કરવાની જુર્અત કીધી. બનું એવું કે, સન્આમાં તે વક્ત ઈસાઈઓનો મોટો તહેવાર હતો અને અરબના કિનાના કબીલાના ચંદ લોગોએ ફિત્નો કરવા અબ્રહાએ બંધાવેલા મોટા કનીસા-ચર્ચમાં કચરો નાંખી ચારે તરફ ગંદકી ફેલાવી હતી. અબ્રહા આનાથી એકદમ ચિડાયો અને તેએ મક્કા સર કરવા વાસ્તે **પોતાની ફૌજને અરબસ્તાન તરફ કૂચ કરવાનો હુકમ કીધો.** ઈ.સ.૫૭૦ માં અબ્રહાએ મક્કા પર હમ્લો કીધો જેના વાસ્તે તેએ આફ્રિકાથી હઝારો સફેદ હાથીઓ મંગાવેલા હતા. યમનથી મક્કા સુધીના રસ્તામાં આ હાથીઓના લશ્કરે તમામ ચીઝો નૈસ્ત-નાબૂદ કરી નાંખી. આ પહેલા કોઈ વક્ત હિજાઝ (મક્કાવાલાઓ) માં હાથીઓ દેખાયા ન હતા. અબ્રહા સાથે હઝારો હાથીઓ જોઈને એ વરસને અરબોએ "**આમુલ ફીલ**" (હાથીઓનું વરસ) નામ આપું. આ વક્તે મસ્નદે ઈબ્રાહીમી પર મૌલાના અબ્દુલ મુત્તલિબ (અ.સ.) જલ્વાનુમા હતા અને **સૈયેદુલ અંબિયા મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) થી** મૌલાતોના આમેના બિન્તે વહબ હામેલા હતા.

## ⇨ અબ્રહાનો કાઅબા પર હમ્લો :

નબીના તૌર પર ઝુહૂરે નૂરે અત્હરના પાસે આવેલા મૌકા પર અબ્રહાના હાથીઓ સાથેની ફૌજ મક્કા પર ચઢી આવી. મક્કાવાલા પોતાના બૈરાં-બચ્ચાં લઈને જાન બચાવવા શહેરના બહાર ચાલા ગયા. મગર કાઅબાના નિગેહબાન મૌ.અબ્દુલ મુત્તલિબ (અ.સ.) પોતાના મદદગારો સાથે કાઅબામાં બેસી રહ્યા. વક્ત ઘણો જ નાઝુક હતો. શહેર વીરાન પડેલું હતું. કાઅબાના બચાવની કોઈ કોશિશ કે તૈયારી થઈ ન હતી. ઈમામે ઝમાના મૌ.અબ્દુલ મુત્તલિબની ઝબાન પર ખુદાની ઝિક્ર હતી, દોઆના કલામ હતા કે, "**અય રબ ! હર શખ્સ પોતાના ઘર-હરમને બચાવે છે, તો તું તારા હરમને બચાવજે. આ નસ્રાનીઓ અને તેની સલીબ-ક્રોસની તાકત હરગિઝ હરગિઝ તારી કૂવત પર હાવી ન થાય, ગાલિબ ન થાય.**"

આ દોઆના કલામ આપની ઝબાનથી પૂરા નહોતા થયા કે, આસ્માનમાં ઝોરદાર ફડફડાટ થાવા લાગો. હઝારોની તાઅદાદમાં નાના પરિંદા "**અબાબીલ**" ખુદાના હુકમથી મક્કા પર ઉડી આવા અને પોતાની ચાંચમાંથી ચણા જેવા નોંકદાર પત્થરો-**સિજ્જીલ** હાથીઓ પર તેમજ લશ્કરીઓ પર વરસાવવા લાગા. પૂરી ફૌજમાં અફરાતફરી

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**ફજરમાં મુમિનનો ચહેરો જોવો અલ્લાહ તરફથી ઈનાયત છે.**

*(પેજ નં. ૧નું બાકી)* ***અસ્હાબુલ ફીલ અને.....***

મચી ગઇ, હાથીઓ આ આસ્માની હમ્લાથી વિફરી ગયા અને એકદમ ઊલ્ટા ફિરીને બેકાબૂ થઇ, પૂરા ઝનૂનથી અબ્રહાની ફૌજ પર ચઢી ગયા. ફૌજીઓ તેની જ ફૌજના હાથીઓના પગમાં કચડાઇ ગયા. જે હાથીઓને કાબૂ કરવા ગયા તે હાથીઓની તાકતવર સુંઢમાં સપડાઇને ફસડાઇ પડા. પૂરી ફૌજ દરહમ-બરહમ થઇ ગઇ, અબાબીલના હમ્લાથી હાથીઓ અને સિપાહીઓના જિસ્મો જાણે કે ખવાયેલું ભુસું બની ગયા. આમાંથી જેટલા બચી ગયા તે અરબસ્તાનના અઝીમ રણમાં નાસી જઇ વેરવિખેર થઇ ગયા. કુરઆને કરીમમાં આ યાદગાર અને ઈબરતઆમૈઝ તારીખી વાકેઆની ઝિક્ર **સૂરતુલ ફીલ**માં મૌજૂદ છે.

⇨ **અય અબ્રહા હમેં કૌન છીએ ....**

હારેલો અબ્રહા લટકેલો ચહેરો લઇને કાઅબતુલ્લાહમાં મૌ.અબ્દુલ મુત્તલિબને નઝદીક આવીને બેસી ગયો. અરઝ કીધી કે, અય કાઅબાના સાહબ ! મને તમારા રબ તરફથી જવાબ મીલી ગયો છે. હવે તમેં યહાઁ આરામથી રહો. તમને તમારૂં દીન અને તમારૂં શહેર મુબારક થાય. આપે ફરમાવું કે, "અબ્રહા ! મારા કેટલાક ઊંટોને તારા સિપાહીઓએ કબ્ઝે કીધા છે તો તે મને પાછા કરી દે. અબ્રહાને એમ અંદાઝો હતો કે, આપ કાઅબતુલ્લાહની હિફાઝત વાસ્તે વાત કરશે, મગર એમ ન બનું. તો અબ્રહા બોલો કે, મેં તો આપને એક અઝીમ શખ્સ સમઝતો હતો, પણ આપે તો ઊંટો જેવી હલકી ચીઝોની માંગણી કીધી. મેં સમઝતો હતો કે, આપ એ જ માંગણી કરશો કે, મેં કાઅબાને કોઇ નુકસાન ન કરૂં અને યહાઁથી ચાલો જાઉ. હવે આપની મારા નઝદીક કોઇ ઈઝ્ઝત રહી નથી. આટલા મોટા કુરૈશના સરદાર આટલી નાની વાત કરે ? આપે જવાબમાં ફરમાવું કે, **"મેં તારાથી મારી મિલ્કીયત બાબત સવાલ કીધો અને કાઅબતુલ્લાહ, મારી મિલ્કીયત નથી, હું તેનો માલિક નથી. તેનો માલિક તો ખુદાતઆલા છે. તે પોતાના ઘરની હિફાઝત કરવાને કૂવતવાલો છે. હું મારી ચીઝની ફિકર કરૂં તે બસ છે."**

આ જવાબ સાંભલીને અબ્રહા ખૂબ તઅજ્જુબમાં પડી ગયો અને એને થયું કે, મૌલાના અબ્દુલમુત્તલિબ હક્ક પર છે અને તેના જ સબબ એનો આ દર્દનાક હશર થયો છે. અબ્રહાએ આપને આપના ઊંટ આપી દીધા અને તે જ દિન નબીએ આઅઝમ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ની વિલાદત બાસઆદત આ દુનિયામાં થઇ. મૌ.આમેનાના નૂરે નઝર પૈદા થયા કે, જેની બરકતથી મક્કા પર આવેલી આફત ટલી ગઇ. મૌ.અબ્દુલ મુત્તલિબ અશઆર પઢીને ફરમાવે છે કે, "હમેં અલ્લાહની આલ છીએ યાઅની અલ્લાહવાલા છીએ અને તે અલ્લાહના શહેરના બાશિંદા છીએ. મૌ.ઈબ્રાહીમ (અ.સ.) ના વક્તથી હમેં ચાલતા આવીએ છીએ. હમેં સાતે આસ્માનોમાં વસનારાઓ છીએ. હમેં આ આસ્માનોમાં રોશનીઓ અને અંધારીઓના તકસીમ કરનારાઓ છીએ. હમેં ઘણા કબીલાઓ તરફ અંબિયા બનાવીને મોકલવામાં આવા છીએ. **હમારામાંથી જ એક નબી-મોહંમદ (સ.અ.વ.વ.) ને મોકલા જેની ઝબાન અરબી છે, જે સાચા છે અને અલ્લાહના અહદો મીસાકને વફા કરનાર છે.** આ કાઅબતુલ્લાહનો એક રબ છે જે તેની હિફાઝત કરનાર છે. જે પણ કોઇ તે કાઅબામાં ફસાદ કરવાનો ઈરાદો કરશે તો તેને જડમાંથી ઉખેડી દેવાશે."

⇨ **ઇમામે ઝમાના અને ફસાદ કરનારા :**

ફસાદ, બે તરહના હોય છે, જેની ઝિક્ર અલ્લાહતઆલાએ સૂરતુલ બકરાહમાં ફરમાવી છે. જેમાં ઈરશાદે ઈલાહી છે કે, જે વક્ત એ લોગોને કહેવામાં આવે છે કે, તમેં ઝમીનમાં ફસાદ ન કરો. તો તેઓ જવાબ દે છે કે, હમેં તો બેશક ઈસ્લાહ કરનાર છીએ. સૂરતુલ માએદાહમાં બની ઈસ્રાઇલ વાસ્તે છે કે, જો તમેં કોઇ જાનને જાન લેવાયા બગૈર યા ઝમીનમાં ફસાદ કીધા બગૈર કત્લ કરશો તો તમેં પૂરા બની આદમને કત્લ કીધા બરાબર છે. **જો તમેં કોઇ એકને ઝિંદગી આપશો તો પૂરી ઇન્સાનીયતને ઝિંદા કીધા બરાબર છે.** આ કૌલે સુબ્હાનીથી સાબિત થાય છે કે, હર ઝમાનમાં હર મકાનમાં ફસાદ કરનારાનો વુજૂદ છે અને આ તરહના લોગો ખુલ્લા તૌર પર હોય તો તેઓ

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**દુનિયાના માલથી પોતાને માલદાર માનવું ઘણી જ મોટી નાદાની છે.**

*(પેજ નં. ૨નું બાકી)* ***અસ્હાબુલ ફીલ અને.....***

સાથે જેહાદ કરીને તેઓની ફિત્નતને રોકી શકાય પણ આ ફસાદ કરનારા છુપી રીતે પોતાની હરકત કરે છે અને આ ઈબ્રાહીમી દાઅવતની ઝમીનને નુકસાન પહોંચાડે છે. યાઅની કે દાઅવતના મુમેનીનને બહેકાવે છે અને બાતિલના અકીદા તેમ જ જૂઠા ખયાલાત પૈદા કરે છે. તેથી આ ફસાદ વધારે નુકસાનદેહ છે. બીજી એક જગા એક જાનને કત્લ કરવું પૂરી ઈન્સાનીયતને કત્લ કીધા બરાબર છે, તે આમ સમઝમાં સાબિત થાતું નથી કે કોઈ એકના લીધે બધાને ફરક પડતો હોય. અગર અંદરની સમઝ તરફ નઝર કરવામાં આવે તો એક ઈન્સાનની ઝિંદગી યા મૌતનો ઈશારો એક માઅમૂલી ઈન્સાન તરફ નથી. પણ જે શખ્સ દાઅવતના દરજાના સાહબને જિસ્માની તૌર પર કત્લ કરે તો આ કત્લ કરવાથી એમના માનનારાઓનું કત્લ થાય છે અને આ સમઝમાં પૂરી એક જમાઅતને કત્લ કીધા બરાબર છે. આ સાહબની બરકાત લોગોમાં બંધ થઈ જાય અને હિદાયતના ઈલ્મની નહેર સૂખી થઈ જાય છે. **ઇમામ, એક કૌમના દિલના મકામમાં હોય છે** અને દિલના મૌતથી જેમ તમામ જિસ્મે ઈન્સાની મુર્દા થાય છે તેમ ઈમામ રૂપી દિલને ઝિંદગી બખશવાથી અને એની ઈતાઅત કરવાથી એની કૌમને રૂહાની ઝિંદગી મિલે છે.

અબ્રહાએ મક્કા પર ચઢાઈ કીધી કે તે કાઅબાને તોડી નાખે. કાઅબતુલ્લાહ તમામ મસ્જિદોના ઈમામ છે. ઝમીનમાં ફસાદ કરનારાએ ઝમીનનાં તમામ હિસ્સાઓથી પાકીઝા અને મુકદ્દસ ટુકડાને મિટાવવાની કોશિશ કીધી. કાઅબા, જે અલ્લાહનું ઘર છે, શું તેની હિફાઝતની ઝિમ્મેદારી અલ્લાહની નથી ? ઝરૂર, અલ્લાહ જ તેના ઘરનો મુહાફિઝ છે. આ અબ્રહાના હમ્લાથી અલ્લાહએ તેના ઘરની હિફાઝત પણ કીધી. તે કોણા હાથ પર ? ઈમામે ઝમાના મૌ.અબ્દુલ મુત્તલિબના મુબારક હાથ પર ! **કિતાબ, હિકમત અને મુલ્કે અઝીમના આપ સાહબ હતા.** ઝમઝમના કૂવાના આપ માલિક હતા. કાઅબતુલ્લાહની ઝમીન આપના મુલ્કે અઝીમમાં શામિલ હતી. તેથી જ કાઅબાના પડોશપણ વાસ્તે અલ્લાહએ આપને ખૈરૂલ વાસ્તા બનાવા, તમામ બશર કરતા ખૈર બનાવા.

➪ **હાથી અને મચ્છર :**

અલ્લાહતઆલાની હયવાની મખ્લૂકમાં હાથી છે અને મચ્છર પણ છે, જેનું બયાન કુરઆનમાં હાઝિર છે. બયાન છે કે, "અલ્લાહતઆલા નથી શરમાતો કે એક મચ્છર જેવી ચીઝની મિસાલ બયાન કરે યા તો તેના કરતા વધારે નાની જે જાનવરોમાંથી હોય, પણ જેઓ ઈમાન લાવા તેઓ જાણે છે કે તેમને અલ્લાહ તરફથી જે મિલું છે તે હક્ક છે. જેઓએ નાફરમાની કીધી તેઓ કહે છે કે, આ મિસાલ બયાન કરીને અલ્લાહ શું ચાહે છે કે, જેથી ઘણા ગુમ્રાહ થયા અને ઘણાએ હિદાયત લીધી, **પણ ફાસિક (બદબખ્ત) લોગો સિવાય કોઇ ગુમ્રાહ ન થયા.**" અલ્લાહતઆલાએ મચ્છર અને હાથીની તખ્લીક એ મુજબની હિકમતથી કીધી છે કે, એક-બીજાની શિકલમાં કોઈ તફાવત નથી, મગર તેના મોટા કે નાના બદનની બનાવટને અંદર તેની કુદરત-તાકત, ચાહે થોડી હોય કે વધારે હોય, ઝાહિર થાય છે. અબ્રહાનો જુસ્સો અઝીમ હતો અને એની તાકત પણ અઝીમ હતી જે અસ્હાબુલ ફીલ હતા. બીજી તરફ મૌ.અબ્દુલ મુત્તલિબ જે મક્કાના શહેરીઓમાં કુદરત-તાકતની સરખામણીમાં અબ્રહાથી કમ હતા પણ અઝમત, જલાલત અને ફઝીલતની હૈસીયતથી ઘણા અઝીમ હતા જે અસ્હાબુલ હક્ક હતા.

દાઅવતના અહલે હકીકત આ અખ્બારથી બરાબર વાકિફ છે કે, હાથી તેના મોટા જુસ્સાના એઅતેબારથી બિલકુલ પોકલ, ધીમે ચાલનારૂં અને આવાઝ કરનારૂં હયવાન છે. મગર મચ્છર તેના નાના-હલકા જુસ્સાના સબબ કોઈ પણ જગામાં જલ્દીથી ઉડીને ચુપચાપ તેના શિકારને નુકસાન પહોંચાવી શકે છે. હાથીના કાનમાં ઘુસીને, તેના મોટા જુસ્સાને બાવુજૂદ તેને બેબસ-બેકરાર કરી નાંખે છે. ઈન્સાનને પણ પોતાના અણીદાર દંખથી દિવસો તક તાવ અને ધ્રુજારીમાં પટકી શકે છે. મચ્છર તેની નાની નાકદાર સૂંઢથી જે તેના શિકારના બદન પર ચુપકેથી બેસે છે તે જુસ્સાની નરમી કે સખ્તી પરખીને અમલ કરે છે. હાથી હોશિયારીમાં બુઠ્ઠો હોય છે, બલીદુઝ્ઝહેન હોય છે, પણ મચ્છર હોશિયારીમાં એક્કો હોય છે, સરીઉઝ ઝહેન હોય છે. **હર ઝમાનમાં હક્કની રાહ પર ચાલનારા અહલે ઇમાન અને સાહબે અકલ ઘણા જ ઓછી તાઅદાદમાં હોય છે.** અહલે કુફ્ર, તાગી, બાગી અને ફસાદખોરનો

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**ધોયેલા કપડા પહેરીને જેમ તમેં ખુશ થાવ છો તેમ ઈબાદતના પાનીથી તમારા જાનને ધોઈ ખુશ થાવ.**

(પેજ નં. ૩નું બાકી) **અસ્હાબુલ ફીલ અને.....**

દુનિયામાં ઝમેલો અને હુજૂમ હોય છે, તેથી તેઓની જિસ્માની તાકત બેહિસાબ હોય છે પણ રૂહાની નહીં. રૌઝે અઝલથી (પૈદાઈશની ઈબ્તેદાથી) આજ તક સિરાતે મુસ્તકીમ પર ચાલનારા ઈમાનદારો પર ફસાદખોર લોગોએ હમ્લા કીધેલા છે અને આ હમ્લા આજે પણ જારી છે. તેઓ રૂહાની અન્વારથી અને ઈલ્મની નહેરોની બરકત અને ફાયદાથી મહેરૂમ હોવાના સબબ દાઅવતની સરઝમીનમાં જિસ્માની કમ્ઝોર લોગો પર હમ્લાવર થાય છે, ફસાદ ફેલાવે છે. અલ્લાહતઆલા હર વક્ત હક્કના મુમેનીનની હિફાઝત કરે છે અને દીનદારીના સબબ હર હાલતમાં તેઓ કામિયાબ થાય છે. મૌ.અબ્દુલ મુત્તલિબના પાસે કોઈ મોટું લશ્કર કે હાથીના ટોલા ન હતા. આપે તો અબ્રહાને જે આપના ઊંટો કબ્ઝે લીધેલા હતા તેને સોંપી દેવાનો જ સવાલ કીધો. પોતાની જાન અને કાઅબાની સલામતીનો સવાલ ન કીધો, કેમકે આપને તવક્કુલ અને યકીન આપના રબ પર હતો. આ જ હક્કના લોગોનો તરીકો છે. બાતિલના લોગોના હાથી જેટલા પણ જાણકાર હોય, પણ તેને શિકસ્ત આપવા વાસ્તે એક નાના હુશિયાર મુમિન જેના દિલમાં ઈમામે ઝમાનાની માઅરેફત હોય છે, તે કાફી છે.

⇨ **<u>સિલસિલએ ઇમામે હક્ક અને હાથીવાલાઓ :</u>**

તારીખના ઔરાક અગર હમે ઉલટાવીએ તો અસ્હાબુલ ફીલના વાકેઆથી આજ તક ઘણા હાથીવાલા બાતિલના લોગોએ દાઅવતે હક્કના લોગો પર હમ્લા કીધા અને ફસાદ કીધો, નાહક્ક કત્લે આમ કીધું. શામી સુલ્તાનનું લશ્કર હાથી જેવું હતું પણ મૌ.અલી (અ.સ.) ના હક્કના લોગોની સામે તેને ગુંઠણ ટેકવા પડા. મૌ.ઈમામ હસને મક્કાર શામી સુલ્તાન સાથે સુલહ કીધી તે ફક્ત શામની બાદશાહત અને ઝાહિરી સલતનતના કામોને સોંપીને શીઆઓને તેના ઝુલ્મ અને કત્લથી બચાવવાની હતી. **તો પણ ઇમામ આલી મકામનો એક ઝઇફુલ ઉમ્ર શીઓ તેની આઁખમાં ખુંચતો હતો.** તે જાણતો હતો કે, જહાં તક બનુ ફાતેમાના ઈમામ આ ઝમીન પર ઝિંદા છે, તેની કોઈ કરામત કે શરાફત નથી. તે મક્કાર પોતાની ઝાતને ઘણો ઊંચો ખતીબ (બયાન કરનાર) સમઝતો હતો. પણ એક મૌકા પર મૌ.ઈમામ હસન (અ.સ.) એ ફસીહો બલીગ (ગહેરી અને ચોટદાર ઝબાનમાં) એવો ખુત્બએ આલીયાહ પઢો અને આપની ફાતેમી શાનાતને ઝાહિર કીધી કે તે બંદરની પસ્તી થઈ અને મૂઁહ બિગાડીને તખ્ત છોડવું પડું. હક્કના લોગો, હાઁલાકે જિસ્માની તાકતમાં કમ્ઝોર હોય છે પણ ઇઝહારે ઈમાન અને અમલે સાલેહ બજાવવામાં તેઓ દિલના કૂવતવાલા અને ઈરાદાના મઝબૂત હોય છે. તેઓ અકીદા પર સાબિત કદમ, કૌલના સાચા અને વાઅદાના પક્કા હોય છે.

મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ના ઝમાનમાં યઝીદ લઈન હાથી બનીને આવે, યા અઈમ્મતે ફાતેમીયીનના ઝમાનમાં દજ્જાલ કે અબુ યઝીદ કે ઈબ્ને વાસૂલ પોતાના લશ્કરથી દિયારે મિસિરને ફતેહ કરવા એડીચોટીનું ઝોર લગાવે પણ તેઓ કામિયાબ થઈ શકે નહીં. તેઓના ઝુલ્મની જીત અને ખુશી ચંદ દિનની હોય છે. ઘણી વાર દૌલત-મસલ-મેનેજમેન્ટ અને મેન પાવરથી ચંદ ગિરોહ અને કૌમ બીજા પર તસલ્લુત અને બરતરી હાસિલ કરી લે છે. દુનિયામાં પોતાને બેમિસાલ હોવાનો ફખર ખાય છે, હક્કના લોગો પર દબાણ લાવીને એને મજબૂર કરે છે. આમ કરવાથી હક્ક બાતિલમાં કે બાતિલ હક્કમાં તબ્દીલ થાતું નથી. ઉમ્મતો આવી, ચંદ ફના થઈ તો ચંદ બાકી રહી. દુનિયામાં બેશુમાર સલ્તનતો આવી, અઝીમ હાથી જેવા બાદશાહો થયા, એક-બે યા પાઁચ સદીઓ તક સલતનતો કાઈમ રહી. તે બાદ તેના તમામ તખ્ત-તાજ, મિલ્કીયત ખાકમાં મિલી ગયા. **પણ હક્કના લોગોનો વુજૂદ, પછી તે મચ્છર જેટલો હલકો, કમ યા કમ્ઝોર કેમ ન હોય દુનિયામાં હમેશા બાકી રહે છે**, તેના આસાર બાકી રહે છે, તેની સુન્નતો અને આઅલા અખ્લાકની યાદ તાઝા રહે છે, તેના સાહબોની નસ્સનો સિલસિલો કાઈમ રહે છે. આ સિલસિલો તેના પાછલાથી આગલામાં, જાનારથી આવનારમાં, નસ્સ કરનારથી નસ્સ થાનારમાં જારી રહેલો છે અને ઈન્શાઅલ્લાહ આ સુન્નતે ઈલાહીયાહમાં કોઈ જ ફેરફારની ગુંજાઈશ નથી. આ દાઅવતે તૈયબીયાહનું રૂહાની મુલ્ક, મુલ્કે અઝીમ છે જે મુલ્કમાં કિતાબ અને હિકમતની કલમ અને તલ્વારથી રૂહાની હાકિમો, ઈમાનદારોના દિલો પર દીને ખાલિસ અને ભલી શીખામણોથી હુકમરાની કરે છે અને તા-કયામત અલ્લાહના ઈઝનથી કરતા રહેશે.

(બકીયાહ પેજ નં. ૫ પર)

**ગઈકાલની ખતાઓને યાદ કરીને તમારા આવતીકાલના કામો ને ન બીગાડો.**

*(પેજ નં. ૪નું બાકી)* ***અસ્હાબુલ ફીલ અને.....***

➯ **હક્કપરસ્તીના સરદાર સૈ.અલી સાહબ :**

જેને અલ્લાહતઆલા આ ફઝલ આપે, તો કોઈની તાકત કે હિમ્મત નથી કે, આ ફઝલને છીનવી શકે. દાઅવતે હાદીયાહ હક્કાનીયાહનું મુલ્કે અઝીમ કાઈમી-દાઈમી છે અને અલ્લાહતઆલાની જૂદો અતા અને કરમો સખાથી આ મુલ્ક મૌ.આદમ (અ.સ.) થી આજ તક ફૂલેલું-ફલેલું છે. નબીઓ, વસીઓ, ઈમામો, દોઆત આવતા ગયા અને આ મુલ્કે અઝીમના આંગણને કુદસના હઝીરાની કિયારીને (જન્નતી ગુલિસ્તાનને) સીંચતા રહ્યા, ઝીનત આપતા રહ્યા અને તેના ઈહાતાને મઝબૂત કરતા ગયા. જેમ હક્કના લોગો સામે બાતિલ (જૂઠા લોગો) હોય છે, રહેમાની બાગબાનને બરખિલાફ શયતાની ગુલચીન હોય છે, તે મુજબ ફઝલના લોગો સામે હસદના બદ લોગો માથું ઉચકે છે. પંજતને પાક (અ.સ.) દુનિયાની દૌલત, સરવત, માલના માલિક નહોતા, તો પણ જેઓએ આપની દુશ્મની કીધી તેના દિલોમાં આપની રિસાલત અને ઈમામતની માઅરેફત, ઈઝ્ઝત અને અઝમત ખુંચતી હતી. તેથી જૂઠા લોગો હર કીમત પર ચાહે છે કે, સાચા લોગો આ નેઅમતથી બેનસીબ થઈ જાય. હિન્દના પહેલા શહીદે આઅઝમ ૨૯માં ફાતેમી દાઈએ મુત્લક દુનિયાની દૌલત, ઝીનત અને ઈઝ્ઝતના માલિક ન હતા કે, આપ કોઈના ઉપર ફખર કરે. પણ બીજામાં અને આપમાં ફરકો ઈમ્તિયાઝ એ હતો કે, સૈ.અલી શમ્સુદીન બિન સૈ.ઈબ્રાહીમ (ક.રૂ.) ને આપના દાદાજી સાહેબ ૨૮ માં દાઈએ મુત્લક સૈ.શૈખ આદમ સફીયુદ્દીન સાહેબે (ક.રૂ.) દાઅવતના હુદૂદના દરમિયાન રજબુલ મુરજ્જબ ૧૦૩૦ હિ. માં ત્રણ વકત નસ્સે જલીનો તાજ પહેરાવો હતો. **આપ મૌલાના સર પર હાથ મુકીને ત્રણે જઝીરાના દાઇ અને હાદી મુકર્રર કીધા હતા.** દાઈના મન્સબ, મકામ અને મરતબાને લાઈક અને શાઈક હર ઊલૂમમાં આપને કામિલ અને રાસિખ કીધા હતા. બધા જ ફાઝિલ લોગોમાં આપની ઈલ્મીયત અને માઅરેફતનો ડંકો વાગતો હતો. ઈલ્મે હકીકતના હર મુશ્કિલ અને પૈચીદા સવાલના જવાબો આપને નોંકે ઝબાન હતા. જે દાઅવતે હાદીયાહની કિતાબોના દરસ આપે આપના હદ્દે આલી અને સાહબે તાઈદ દાદાજી સાહબથી લીધા હતા અને જેની આપના નીચેના સાહબોને તાઅલીમ આપી હતી તે કિતાબો આજે દાઅવતના ખઝાનામાં હાઝિર છે, જે આ હકીકતના શાહિદ છે. સચ્ચાઈના સુબૂત વાસ્તે માનનારાઓની ગિન્તી અને શુમાર હરગિઝ મુકાતો નથી. હક્ક, કલીલ જમાઅત સાથે છે યાઅની જેની તાઅદાદ કમ છે. **જમાઅતના લોગોનો શુમાર અગર વધારે હોય પણ સચ્ચાઇના મીઝાનમાં તે અલીલ છે, બીમાર છે.** કલીલ લોગો હક્ક પર છે કે, જેઓની મિસાલ મચ્છરના જિસ્માની કદની છે, જિસ્મ નાનું છે પણ તાકત અઝીમ છે અને કસીર લોગો બાતિલ પર છે કે, જેઓની મિસાલ હાથીના જિસ્માની કદની છે, જિસ્મ મોટું છે પણ હુશિયારીમાં કમ્ઝોર છે.

આપ મૌલા શહીદે આઅઝમે, દાઈએ હક્ક અને હાદીએ સિદકે હક્કની માઅરેફત રાખનાર મુમેનીનની ગિન્તી તરફ નઝર ન કીધી, કેમકે, આપને અલ્લાહના પર તવક્કુલે કુલ અને યકીને કામિલ હતું. આપને હતું કે, હું હક્કની નસ્સની દાઅવતનો ધણી છું, હું ઈત્લાકની દાઅવતનો તાજદાર છું, મારા મૌલા સૈ.સફીયુદીન સાહબનો કૌલ અને મારો અમલ સાચો અને સાબિત છે. તેથી આ દાઅવતને કોઈ ઝવાલ આવનાર નથી, કેમકે **આ દાઅવત અબદી-અઝલી-રૂહાની-કુદસાની અને ઇબ્દાઇ છે.** અલ્લાહતઆલાના વલીઓના કલામ તે બેશક અલ્લાહના જ કલામ હોય છે તેમાં કોઈ શક હોતો નથી. શહીદે આઅલા મૌલાનો આ કૌલ આજે હકીકત અને ઝિંદા તસ્વીર બનીને આઁખોનો નઝારો થયેલો છે.

અપની દાઅવત આજે કાઈમાહ છે. અપની જમાઅતે અલવીયાહ આજે પૂરી શાનો જલાલ, ઈઝ્ઝો કમાલથી આબાદ છે અને હર અલવી મુમિન પોતાના રબની દાઅવતને ચાહનાર છે. મૌલાના અલીના આશિક અને આપ મૌલા ના ગુલામ તાઈદે કુદસાની થી ૪૪ માં દાઈએ મુત્લક સૈ.વ.મૌ. અબુ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) તૈયેબી શાનાત સાથે દાઅવતે અલવીયાહની નિગેહબાની કરી રહ્યા છે. અલ્લાહતઆલા બે અલીની દાઅવતના પરચમને અને લેવાઉલ હમ્દને આ ખલ્ક પર બલંદતર કરે.... આમીન યા રબ્બલ આલમીન. ★

**મુમિનનું જોવું, બોલવું અને સોચવું અલ્લાહના હુકમ મુજબ હોય છે.**

## -::: મસાલાનો રાઝ :::-

હિન્દુસ્તાન દુનિયાભરમાં તરહ તરહ ના મસાલાઓના ઈસ્તેમાલ વાસ્તે મશહૂર છે. જયાં તક જમનમાં મસાલા ન હોય ત્યાં તક જમન બનાવવું મુશ્કિન નથી, એવું હિન્દુસ્તાનીઓનું માનવું છે. દુનિયાભરના લોગો ભલે પોતાની રીતે અને પોતાના culture મુજબ જમન બનાવતા હોય મગર આ વાત તો સાચી છે કે, દુનિયા ને મસાલાની પેહચાન કરાવનાર હિન્દુસ્તાન છે. જૂના ઝમાનામાં India માં જે મુજબ trade યાઅની કારોબારની શરૂઆત થઈ તેનો એક અહમ સબબ મસાલાના વેપારનો હતો. **ઘણા વક્ત તક કારોબારની લેવડ-દેવડમાં મસાલા અહમ હતા અને આજે પણ છે.** ભલે હમણાના developed અને તરક્કીયાફતા મુલ્કો, India ને પછાત યા under-developed કહેતા હોય, મગર India એ જે ચીઝ દુનિયા ને આપી છે તે શાયદ જ કોઈ મુલ્ક આપી શકશે. British લોગોએ હિન્દુસ્તાનમાં પોતાનો પગદંડો જમાવો તો તેઓ વરસમાં ફક્ત એક વક્ત નહાતા હતા, એટલા એઠા હતા. જિસ્મ અને કપડાની સફાઈ કઈ તરહ રાખવી એ તેઓ India આવીને શીખા. હવે આજે દુનિયામાં developed મુલ્કોમાં culture-family અને શરમ-એહતેરામ નામની કોઈ ચીઝ નથી રહી, તો દુનિયા હવે અપના Indian culture, તેહઝીબ અને society જોઈને અપના મુલ્ક તરફ ખેંચાઈ છે. અઈમ્મતે હક્ક (અ.સ.) નો કૌલ છે કે, **અલ્લાહતઆલાએ હિંદ, સિંદ અને યમનની ઝમીનમાં જે બરકત મુકેલી છે તે લાસાની અને** uncomparable **છે.** અલ્લાહતઆલા નો લાખ લાખ હમ્દ છે કે, હમને આ મુબારક ઝમીનમાં પૈદા કીધા છે.

જમનમાં મસાલા ના ઈસ્તેમાલ ને પાછલ ઘણા એવા દિલચસ્પ રાઝ છે કે, જે science એ સાબિત કીધા છે. મસાલા ફક્ત જમનમાં ઝાયકા યા ખુશ્બૂને વાસ્તે ઈસ્તેમાલ નહોતા થાતા, મગર પહેલાના લોગો તે ચીઝથી વાકિફ હતા કે, મસાલા સેહતને વાસ્તે પણ કેટલા ઝરૂરી છે. ચંદ ચીઝો એવી છે કે, મુમેનીનના ઘરોમાં રોઝ વપરાય છે જેની મુખ્તસર ઝિક્ર નીચે આપેલી છે :

(૧) **રાઇ** : આ કાલા કલરના ગોલ દાના કે જે બંગાલી લોગો ખૂબ use કરે છે, એ protein, fibre, iron, zinc નો important source છે. એમાં magnesium અને phosphorus પણ હોય છે. રાઈમાં એક એવું chemical હોય છે, જે cancer થવાથી રોકે છે.

(૨) **જીરૂ** : જીરૂ માં iron ખૂબ ઝિયાદહ હોય છે. એના સિવાય calcium, magnesium અને phosphorus હોય છે. **ગેસ અને અપચા** વાસ્તે જીરૂ એક ઘરેલું ઈલાજ છે.

(૩) **મેથી** : કડવા ઝાયકા ના સબબ મેથીનો ઈસ્તેમાલ થોડો જ થાય છે. મગર જે ચીઝમાં મેથી નાંખવામાં આવે છે તો એનો ઝાયકો ઉમ્દા બને છે. મેથી તે સુવાવડવાલા બૈરો વાસ્તે ખૂબ ફાયદામંદ હોય છે - તેથી જ તેના લાડવા બનાવીને અપાય છે. **મેથી માઁ ના દૂધમાં કુદરતી રીતે વધારો કરે છે** અને diabetes માં insulin ના level ને balance કરે છે.

(૪) **અજમો** : પાચન વાસ્તે અજમો અકસીર છે. નાના બચ્ચાઓ ને જો cough ની તકલીફ હોય તો અજમો સેકીને કપડાની પોટલી બનાવીને ગલામાં લટકાવવામાં આવે તો કફ અને શરદીની તકલીફ ઓછી થઈ જાય છે. **નાક અને ગલાની** allergies માં પણ ખૂબ ફાયદામંદ છે.

(૫) **કલૂંજી** : આનો ઈસ્તેમાલ ઘણો ઓછો થાય છે. કલૂંજીમાં calcium અને potassium હોય છે. એમાં phyto nutrients હોય છે જે iron ને જઝબ કરવામાં મદદ કરે છે.

(૬) **તલ** : તલમાં protein, iron અને vitamin E હોય છે. **માસિકના દૌરાન થતા દુ:ખાવામાં અને ચામડીની બીમારીઓમાં** ખૂબ અકસીર છે. કાલા તલમાં iron વધારે હોય છે અને સફેદ તલમાં calcium વધારે હોય છે.

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**ઈન્સાનના જિસ્મમાં રોગ, તેના હમ-ગમ અને ફિકરથી દાખિલ થાય છે.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✲ મૌલાના ઈમામ મઅદ અલ-મુસ્તન્સિર બિલ્લાહ (અ.સ.), ૧૮ માં ફાતેમી સરતાજ, ૧૬ શહરૂલ્લાહ ૪૨૦ હિ. મંગલવારે ફજેરે મિસિરમાં પૈદા થયા અને આપના બાવાજી મૌલાના ઈમામ ઝાહિર (અ.સ.) ની ૪૨૭ હિ. માં વફાતના દિન શાઅબાનમાં આપ તખ્તે ઈમામત પર જલ્વાનુમા થયા. આપની કમસિનીમાં જે વક્ત તખ્તે અલવી આપના નૂરથી મુનવ્વર થયું તો આપની **૭ સાલની ઉંમર** ના સબબ આપે ૧૨ હાથ લંબી આસ્તીન વાલું કમીસ પહેરેલું હતું. અલ્લાહતઆલાએ બચપણામાં જ આપને મૌ.ઈસા રૂહુલ્લાહ (અ.સ.) જેમ ઈલ્મો હિકમતથી નવાઝેલા હતા અને આપના પુરનૂર ચહેરા મુબારકને જોઈને સલ્તનતના તમામ રઈસો, સિપેહસાલાર, અમીરો, સરદારો, દરબારીઓ આપના નઝદીક ઝુકીને આપને બયઅત આપી અને આપના કમીસની આસ્તીનને ચુમી.

✲ આપ ઈમામે, શાને ઈમામતને એ મુજબ ઝાહિર કીધી કે, આપના મુઅલ્લિમ-ઉસ્તાદ જે આપને કિતાબત (લખવાનું) શીખાવવા આવતા હતા, એ આપના હાથ પર પોતાનો હાથ મુકીને શીખાવવા લાગા. તો આપે ફરમાવું કે, અય મોઅલ્લિમ, **મારો હાથ એવો હાથ છે કે તેના ઉપર કોઇ બશરનો હાથ આવી શકે નહી.** તે બાદ મોઅલ્લિમની સામે આપે બહેતરીન કિતાબત કરી બતાવી. દુનિયાના તમામ આલિમો, ઝમાનાના આલે મોહંમદ (સ.અ.) ના ઈમામને નઝદીક બચ્ચા મુજબ છે. ભલે ઝાહિરી આમ ઈલ્મ શીખાવવા વાસ્તે એક બશરની હૈસીયતથી બચપણામાં ઈમામને નઝદીક મોઅલ્લિમ હોય મગર ઈમામતના અમરમાં અને નસ્સના ફૈઝો બરકાતના સબબ અલ્લાહતઆલા ઈમામે હક્કને એવું ઈલ્મ અને નૂર બખ્શે છે કે, જેનાથી તમામ આલમના લોગો ફૈઝ ઉઠાવે છે.

✲ અઈમ્મતે આલે મોહંમદ (સ.અ.) સઘલા જ એકબીજાના હમસિફત છે, હમશાન છે. શાઈરે અહલેબૈત ફરઝદકે મૌ. ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ની શાનમાં ફરમાવું કે, આપે કોઈ વક્ત “લા” (ના) નથી કહ્યું મગર તશહહુદમાં કે **“લા ઇલાહા ઇલ્લલ્લાહ”** જો આ કલેમો, કલેમતુશ શહાદત ન હોત તો હમેશા આપનું “લા”, નઅમ (હાઁ) હોત. મૌ.ઈમામ મુસ્તન્સિર (અ.સ.) પણ આ જ સિફતના હતા. આપે કોઈ વક્ત કોઈ સાઈલને “લા” (ના) નથી કહ્યું. એક વક્ત કોઈએ આપને પૂછ્યું કે, અય ઈમામ આલી મકામ ! શું આપ “લા” નથી કહેતા ! **આપે આપનો જમણો હાથ હલાવીને ઇશારો કીધો કે, હાઁ, મેં “ના” નથી કહેતો.** જો આપ આપની ઝબાને મુબારકથી કહેતા કે, મેં “ના” નથી કહેતો તો શાયદ તે સાઈલ કહેતો કે, હમણા તો આપ “ના” બોલા.

✲ આપની ઈમામતની શાન ઊરૂજ અને બલંદી પર હતી. આપની દાઅવત મિસિર, હરમૈન, હિજાઝના શહેરો, શામના શહેરો, મગરિબના શહેરોમાં ફેલાયેલી હતી. સૈયેદના મોઅય્યદ શીરાઝી સાહબ (આ.કુ.) આપના બાબ હતા, આપ ઈમામ તરફ પહોંચવાના વસીલા હતા અને આ દાઈએ એ હદ તક આપની ખિદમત અંજામ આપી કે, જે ફાતિમી તારીખમાં બેમિસાલ છે. દાઈ શીરાઝીના હાથ પર ઈરાક, ઈરાન, અહવાઝના ઈલાકાઓ ફતેહ થયા અને ફાતિમી સલ્તનતના માતહતના તમામ ઈલાકાઓની મસ્જિદોમાં આપ ઈમામના નામથી ખુત્બા પઢાતા હતા. આપના ઝમાનમાં જ આ તમામ ઈલાકાઓમાં અહલુલ બૈત (અ.સ.) ની અસ્લી તરઝો તરીકાની **“હય્યા અલા ખૈરિલ અમલ”** ના અલ્ફાઝવાલી અઝાન મસ્જિદોમાં ગુંજતી હતી. આપના હુકમથી જુમ્આના દિનની નમાઝ વાસ્તે મસ્જિદની છત પર એક સાથે ૨૦ આદમી મોઅઝ્ઝિન તરીકે ચઢતા અને બલંદ આવાઝથી એક જ તરઝમાં અઝાન દેતા હતા.

✲ હિજાઝમાં મક્કએ મુકર્રમાહની કાઅબતુલ્લાહની અલ-મસ્જિદુલ હરામમાં તેમજ મદીનએ મુનવ્વરાહની મસ્જિદોમાં આપ ઈમામના મુબારક નામથી ખુત્બા પઢાયા છે અને કાઅબતુલ્લાહ પર તે ઝમાનમાં

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**ગુમ્રાહીનો વુજૂદ નાફરમાની છે.**

*(પેજ નં. ૭નું બાકી)* ***આઈનએ દરસે તૈયેબી.....***

ફાતિમી હુકૂમતની પહેચાન તરીકે **સફેદ ગિલાફ** ચઢાવવામાં આવતો હતો. કેમકે સફેદ લિબાસ પહેરવો તે નૂરને પસંદ કરવું છે. નબી અને વસી તેમજ આપની આલે અત્હર નૂરના સાહબો છે અને આ નૂરના વસીલાથી જ મૂમેનીન **નૂરાની આલમમાં** જાનાર છે. સફેદ લિબાસ પહેરવો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો વતીરો છે, તરીકો છે અને સુન્નત છે. આપ નબી અને આપની આલના અઈમ્મતે હક્કથી હમ મુમેનીનને આ બાબરકત લિબાસ અદબ, તેહઝીબ અને વિરાસતમાં અતા થયેલો છે.

----------------------

➙ અલ્લાહતઆલા કુરઆને હકીમમાં ફરમાવે છે કે, **વઅમ્મસ સાએલા ફલા તન્હર** - કે સાઈલને રદ ન કરો. ઝાહેરી તરજુમામાં તફસીરવાલા લોગો જેને તાવીલ નથી મિલી તે આનો ઈશારો ફકીર તરફ કરે છે - કે જે મદદ માંગે છે. આ મફહૂમમાં એમ કહી શકાય કે, કોઈ ફકીર અપના ઘર પર આવે, તો એને રદ ન કરવો જોઈએ.

આ આયતની ફક્ત એટલી જ બયાની થાય યા માઅના લેવાય તો આ ગૈર-ઈન્સાફ છે. અપના અઈમ્મતે હક્ક (અ.સ.) કે જે વારિસે ઈલ્મે મુસ્તફા (સ.અ.) છે, કુલ ઈલ્મના સરચશ્મા છે - આ આયતને વાસ્તે ફરમાવે છે કે, સાઈલ તેને કહેવાય કે, જે સવાલ કરે. ઝરૂરી નથી કે, સવાલ રૂપિયાનો, માલનો યા મદદનો જ હોય ! સવાલ કોઈ પણ ચીઝનો હોય. **મગર આઅલામાં આઅલા સવાલ તે જ છે જે ઇલ્મની બાબતનો હોય.** આ આયતની સહી માઅના તે છે કે, અગર તમને કોઈ ઈલ્મનો સવાલ કરે, કઈ જાણવાને વાસ્તે સવાલ કરે અને અગર તમને તેનું ઈલ્મ હોય તો એને હરગિઝ રદ ન કરો. એના સવાલનો જવાબ આપો પણ એની અક્લ મુજબ, સમઝવાની તાકત મુજબ .

મુમેનીનને પણ દીલમાં દુનિયા કે આખેરત બાબત ઘણા સવાલો પૈદા થાય છે, મગર અફસોસ એ વાતનો છે કે, તે સઘલા પોતાના સવાલોના જવાબ તલાશ કરવામાં સુસ્ત છે, બેપરવાહ છે. બાઝારૂ કિતાબ યા બાઝારૂ લોગોથી કઈ ચીઝ જાણી લે છે તો તેઓ એમ સમઝે છે કે, તેઓ બધું જાણે છે પણ તેઓની ફક્ત આ બદગુમાની જ છે. જે મુમેનીન બિલા કુસૂર દીની દરસમાં આવે છે તે તમામ પોતાના સવાલો પૈશ કરે છે જેના **કાફી શાફી જવાબો** અપાય છે.

➙ **મુખ્તલિફ દરસોમાં આ સવાલોના જવાબ આપવામાં આવા છે :**

(૧) મૌલાના અલી (અ.સ.) ને વસી માનનાર અહલે ઈમાનની તબીઅત બીજા ન માનનારાઓ સાથે કેમ મિલતી નથી ?

(૨) સફરમાં નમાઝ કઝા થાય તો કેમ તેને વાલે ?

(૩) અલ્લાહતઆલાએ બધી ચીઝને જોડકામાં શું કામ પૈદા કીધી છે ?

(૪) બીજા સજદામાં જ મૌલા અલી (અ.સ.) ને મરદૂદે ઝરબત કેમ મારી ?

(૫) મુમિન હર વક્ત ઝિંદા શું કામ છે ?

(૬) "બિસ્મિલ્લાહ" માં અલ્લાહતઆલાના "રહેમાન" અને "રહીમ" નામ શું કામ છે ?

(૭) નમાઝમાં કોઈ ભૂલ થાય તો સહેવના સજદા કઈ તરહ થાય ?

(૮) ૧,૨૪,૦૦૦ અંબિયા (અ.સ.) ની ગિન્તીને અપને કઈ તરહ માનીએ છીએ ?

(૯) શું બધા જ અંબિયા અને તેઓ પર નાઝિલ થયેલી કિતાબો અરબીમાં હતી ?

(૧૦) એમ કહેવાય છે કે, બઅસત યાઅની કબ્રમાંથી ઉઠવું એ રૂહાની આલમમાં થાશે. રોઝે કયામત અઝાન દેનારની ગરદનો અલ્લાહ તઆલા ઉંચી કરશે. તો અગર રૂહાની આલમમાં ઉઠવાનું હોય તો ગરદન જેવા જિસ્માની હિસ્સાનો વુજૂદ કઈ તરહથી હશે ?

(૧૧) હર મઝહબવાલા યા તેના ગૈર, અમલ યાઅની કામ કરે છે તો શું અમલ કરવા વાસ્તે મઝહબનું હોવું ઝરૂરી છે ? ★

**દરસનો વક્ત :** **નૂરાની મસ્જિદ** : દર રવિવારે ફજેરે ૧૦:૩૦ વાગે
**તૈયેબી મસ્જિદ** : દર જુમ્આ રાતે ૮:૧૫ વાગે ★

**ઘમંડનું કડવું દરખ્ત, દૌલત અને ખાનદાનથી ઉગે છે.**

## -::: અખ્બારે તૈયેબીયાહ :::-

**✱ મજલિસે ફખરી** : ફાતેમી દાઅવતના અલમબરદાર, શમ્એ હિદાયત, કાશિફે બિદઅત, રહેનુમાએ અઝીમ ૪૧ માં દાઈએ મુત્લક મુકદસ આકા સૈયેદના અબુ ફિદાઅલી ફખરૂદ્દીન જીવાભાઈ બિન સૈ.અમીરૂદ્દીન (આ.કુ.) ના તા.૧૯ શવ્વાલે બહેરમ-શબે ઉર્સ ના યાદગાર મૌકા પર **મદ્રસએ તૈયેબીયાહ** (આજવા રોડ) માં આપ મૌલાની **ઝિક્ર અને ખિરાજે અકીદતની** મજલિસ મુન્અકિદ કરવામાં આવી હતી. ચમનના માઅસૂમ મહેકતા ફૂલો જેમ જમાઅતના તૈયેબી નૂરાની બચ્ચાઓ, અપના મુકદ્દસ સૈયેદનાઓ અને મૌલાઈઓની પાકીઝા ઝિંદગી-હયાતે તૈયેબાહના વાકેઆત તેમજ હાલાતથી વાકિફ થાય, માઅલૂમાત હાસિલ કરે, કામિયાબ અને બહેતર ઝિંદગી બસર કરવાનો સબક લે, તે સાથેના ખૈર મકસદથી આ મજલિસનો ઈરાદો હતો.

શફ્ફાક, સફેદ નૂરાની લિબાસમાં ખુદામે જન્નતની મિસિલ લાગતા નૌનિહાલોએ તિલાવતે કુરઆને કરીમ, કૌમી નઝમ અને મુકદસ મૌલાની ફઝીલતો શાનમાં કસીદો પૈશ કરીને પોતાની કાબિલીયતનો મુઝાહેરો કીધો હતો. આપ મૌલાની આઅલા શખ્સીયતના કારનામાઓ ને ઉજાગર કરીને હેડ મુદર્રિસ સાહબે બચ્ચાઓને ઉમ્દા સમઝ આપી હતી. આઈન્દા ઝમાનામાં પણ **પંજતને પાક (અ.સ.) અને દોઆતે કિરામ (રિ.અ.)** ના ઉર્સના મુબારક મૌકા પર, તકરીરી મજલિસ અને બઝમ રાખીને બચ્ચાઓની દીની ઈલ્મીયતમાં વધારો કરવાનો ઉસ્તાદ સાહબો નૈક મકસદ રાખે છે. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **અમીરૂદ્દીન યૂસુફઅલી બાલૂજીવાલા**
સરનામું : વાડી, વડોદરા.
વફાતની તારીખ : ૨૨ શવ્વાલ ૧૪૩૧ / ૩૦-૯-૨૦૧૦.

---

નામ : **સકીનાબુ મોહસિનઅલી વિલાયતવાલા**
સરનામું : વાડી, વડોદરા.
વફાતની તારીખ : ૪ શવ્વાલ ૧૪૩૧ / ૧૨-૯-૨૦૧૦.
ફોન : ૯૩૭૫૫૧૮૧૪૫

---

નામ : **ફૈઝુલહુસૈન અબ્દુલહુસૈન ભાવનગરવાલા**
સરનામું : નડીયાદ.
વફાતની તારીખ : ૪ શવ્વાલ ૧૪૩૧ / ૧૨-૯-૨૦૧૦.
ફોન : ૦૨૬૫-૨૫૮૨૭૧૯

---

નામ : **ફિદાઅલી અલીહુસૈન વાકિફવાલા**
સરનામું : પુના.
વફાતની તારીખ : ૧ શવ્વાલ ૧૪૩૧ / ૯-૯-૨૦૧૦.

---

નામ : **ફિદાહુસૈન (બાબુભાઇ) રજબઅલી મોતીવાલા**
સરનામું : ભાયખલા, મુંબઈ.
વફાતની તારીખ : ૨૯ રમઝાન ૧૪૩૧ / ૭-૯-૨૦૧૦.
ફોન : ૦૨૨-૨૩૦૯૫૧૭૩

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ :-
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

---

*(પેજ નં. ૬નું બાકી)* ***મસાલાનો રાઝ....***

(૭) **લવિંગ** : દાંતના દુ:ખાવાની કોઈ પણ તકલીફ વાસ્તે લવિંગ ઘરેલું ઈલાજ છે. લવિંગમાં zinc હોય છે જે મગજ અને જ્ઞાનતંતુ વાસ્તે ફાયદામંદ છે. Diarrhoea, અપચો, કીરમ, fungal infections દૂર કરવામાં લવિંગ મદદ કરે છે. લવિંગમાં Eugenol હોય છે જેથી લવિંગમાં ખૂશ્બુ આવે છે - આ chemical heart **ની નસો** block થવાથી રોકે છે.

**✱ ધર્મજવાલા ફીઝીયો થેરાપી સેન્ટર** : મંગલવાર / જુમેરાત / શનિવાર : સવારે ૧૧ થી ૧ ★

**✱ આરામ ક્લીનિક, આજવા રોડ** : બુધ અને રવિવાર : સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ / જુમોઆ : સાંજે ૫ થી ૮ ★

**✱ વાસણા રોડ** : સોમવાર થી જુમેરાત અને શનિવાર : સાંજે ૫ થી ૮ ★

**જે ચીઝ વક્ત પર અદા ન થઈ, તો તેમાંથી બરકત ચાલી જાય છે.**

## -::: દૌરે તૈયેબીના દાઈએ ઝિયાઈ :::-

દાઅવતે અલવીયાહના દુર્રે સમીન, નાઇબે ઈમામે મુબીન, હબ્લુલ્લાહિલ મતીન ૩૨માં દાઈએ મુત્લક સૈયેદના અબુ હેબતુલ્લાહ ઝિયાઉદ્દીન જીવાભાઈ બિન મૌ.નુહજી બિન મૌ. મોહંમદજી (ક.રૂ.) એ ૧૧૧૦ હિ. માં વસીયતે સૈ.બદરૂદ્દીન સાહબ પર અમલ દર-આમદ થઈને અહમદાબાદથી હિજરત કરીને સુકૂન-બખ્શ, ઝરખૈઝ શહરે વડોદરાને મરકઝે દાઅવત બનાવીને, મસ્જિદ તાઅમીર કરીને, અહલે ઈમાન વાસ્તે મોહલ્લો વસાવીને અલવી મુમેનીન પર જે અઝીમ એહસાન કીધું છે, તે લામિસાલ અને ગૈરમાઅમૂલી છે. **આપ મૌલાએ મુમેનીનની હિફાઝત વાસ્તે અંબિયા-ઔલિયાના હિજરત કરવાના આ અમલને એવો ઝિંદા કીધો છે** કે, જેની ઝિક્ર અને યાદ સદીઓ તક મુમેનીનની ઝબાન પર રહેશે અને તારીખે તૈયેબીના સફહાતમાં આ ચીઝ સુનેહરી અલ્ફાઝમાં હર વક્ત દોહરાવવામાં આવશે.

આપ મૌલાના હમશાન, હમનામ અને હમરૂત્બા હુઝૂરે પુરઝિયા સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની બાગબાનીમાં હાલ જે અલવી ચમન હર સૂરતમાં, હર શોઅબામાં શાદાબ છે, સરસબ્ઝ છે અને હરીયાલો છે તે આપના તુફૈલથી છે. હિજરતના આ વાકેઆને આજે ૩૨૦ સાલનો દરાઝ અરસો ગુઝરી ગયો છે, પણ આપ મૌલાના હોસલા, હિમ્મત, ઈરાદા અને દૂરંદેશીથી સબક આમૌઝ થઈને વક્તે હાઝિરમાં મુમેનીન પોતાની **આલમાં, આઅમાલમાં, માલમાં** એવો જ ખૈર અને સબરનો રસ્તો અપનાવે, સાથે મિલીને ખભેખભા મિલાવીને કૌમો મિલ્લતની બલંદી અને તરક્કી વાસ્તે તૈયાર રહે. મુમેનીનની કોશિશોથી અલ્લાહ અને અલ્લાહના દાઈ ખુશ થાય અને હર વક્ત આપ નૂરાની દાઈથી ઈમાનદારોને રૂહાની તાઈદ હાસિલ થાતી રહે.

*હબીબે કિબરિયા બનકર, મોહંમદ મુસ્તફા બનકર, બડૌદે મેં તુમ આયે અક્સે રબ્બે ઝુલ અતા બનકર,*
*કલી ચટકી, ફિઝા મહેકી, ઘટાએં છાઇ રહેમત કી, બસાયા યે મોહલ્લા વાડીમેં **હક્ક કી ઝિયા** બનકર.* ★

## -::: કસીદએ મુનીરાહ :::-

**ઝિયાઉદ્દીન મૌલા** મમ્બએ ફૈઝો અતા તુમ હો,
મોઈને દાઅવતે હક્ક હો, અઝીઝે કિબરિયા તુમ હો.
મુહાફિઝ કૌમ કે, કુરઆઁ કે કારી, આલિમો દાના,
તેરી હસ્તી પે હમા નાઝાઁ, હૈ ફખરે ઔલિયા તુમ હો.
ફરિશ્તેં આલમે બાલા સે ઈસ સેહને મુબારક મેં,
ઝિયારત કો સદા આતેં હૈં, ઐસે બાસફા તુમ હો.
સરાસર અકલ હૈરાઁ હે તુમ્હારી શાનો અઝમત મેં,
મૈં ક્યા સમઝૂં કે અબ ક્યા અય મેરે મોઅજિઝનુમા તુમ હો.
મરીઝોં કો શિફા હાસિલ હુઈ હૈ આપકે દર સે,
મસીહાએ દો આલમ હો, ઝમાને કી બકા તુમ હો.
તેરી ચૌખટ પે મહેરો માહ સર અપના ઝુકાતેં હૈ,
કવાકિબ મેં ચમક હે આપ હી સે **પુર ઝિયા** તુમ હો.
બચા લો મુમિનોં કો આફતો રંજો બલાસે અબ,
હમારા આસરા હો તુમ, હમારે નાખુદા તુમ હો.
અલી કે દીન કે નાઈબ **ઝિયાઉદ્દીન મૌલા** હે,
હો તુમ ભી જદ્દે અમજદ ઔર યાવર ભી બજા તુમ હો.
નિકાલો "અલવી" કો જલ્દીસે તૂફાને હવાદિસ સે,
પુકારૂં કિસકો અય મૌલા, મેરે મુશ્કિલકુશા તુમ હો. ★

**હર કોઈ ખૂબસૂરતી ને પસંદ કરે છે પણ ઈમાનદાર ખુદ પોતાના અમલને ખૂબસૂરત બનાવે છે.**

# -::: લફઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) હમેશા રહેવું, ફના ન થવું. (૨)

(૨) મૌ.અલી (અ.સ.), રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વલી છે, વારિસ છે અને ------ છે. (૩)

(૩) જંગલી ઘોડો અને ઝબાન એક જેવી છે, જો તેના પર ------ ન હોય તો બેકાબૂ બની જાય છે. (૩)

(૭) ફતેહ, ઝફર. (૨)

**આડી તરકીબ :**

(૨) જેમ કોર્ટના કામકાજ વાસ્તે ----- હોય છે તેમ દોઆ વાસ્તે વસીલો હોય છે.. (૩)

(૪) ગુઝરી ગયેલો ઝમાનો. (૨)

(૫) ગુફા, કહેફ. (૨)

(૬) તે શયતાન કે જેના પર લાઅનતના પત્થરો વરસાવવામાં આવે છે. (૩)

**આ તરકીબનો સહી જવાબ આપનાર :**

**મઝહરઅલી એમ. કાઁચવાલા.**

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | જા | | |
| | ઇ | મા | મ | |
| વ | લા | ■ | લા | ખ |
| | જ | મ | લ | |
| | | ઝા | | |

★

# -::: અસ-સહીફતુત તૈયેબીયાહ :::-

હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની દોઆઓના સબબ આ સાલ શહરૂલ્લાહમાં જમાઅતના મુમેનીન વાસ્તે માયએ નાઝ, બાઈસે ફખર અને લાઝિમે દિરાસત સહીફો **"અસ-સહીફતુત તૈયેબીયાહ"** તેની ચોથી તબાઅત સાથે દાઅવતના મરકઝ તરફથી શાયેઅ કરવામાં આવો. આ સહીફો જાણે કે, અપની જમાઅતનો એક મીની એન્સાયકલોપીડીયા હોય, જેમાં ૯ બાબ છે, જમાઅતના હર મુમિનને તેના પર નઝર કરી તફસીલથી વાંચવું લાઝિમ છે. આ ૯ બાબમાં વલાયત, તહારત-પાકી, સલાત-નમાઝ, તસ્બીહ અને દોઆ, મહીનાઓ, ઝકાત અને રોઝા, જનાઝહ, કુરઆન અને ઈલ્મ તેમજ મુખ્તલિફ બયાનો શામિલ છે.

જૂની તબાઅતમાં અરબીની દોઆઓને ગુજરાતી ઝબાનમાં નકલ કરવામાં ઘણી પૈચીદગી હતી, ખતાઓ રહી ગઈ હતી, તેને આ સહીફામાં જેટલું બનું તેટલું સહી કરવામાં આવું છે. મુશ્કિલ અલ્ફાઝની સમઝ સાથે બયાનોને તરતીબવાર ગોઠવવામાં આવા છે જેથી પઢનારને દોઆઓ ઢુંઢવામાં આસાની રહે. ઘણા મુમેનીને શહરૂલ્લાહમાં જ દેવડી મુબારક પરથી યા દાઅવતના ખુદ્દામ પાસેથી પોતાની નકલ હાસિલ કરી લીધી છે. જે મુમેનીન આ અખ્બારથી નાવાકિફ હોય તેઓને ઈલ્તેમાસ છે કે, જલ્દ-અઝ-જલ્દ પોતાના ઈલ્મી-અમલી ફાયદા વાસ્તે આ બેમિસાલ સહીફો હાસિલ કરી લે. સહીફતુત તૈયેબીયાહનો **હદીયો રૂા.૨૫૦/-** રાખવામાં આવો છે. નીચે આપેલા ફોન પરથી આના લગતી માહિતી હાસિલ થઈ શકશે.

વડોદરા : મુલ્લા ઈબ્રાહીમ બરોડાવાલા : ૦૯૯૦૪૨૨૧૦૯૦

મુંબઈ : મુલ્લા સિરાજઅલી અત્તરવાલા : ૦૯૭૬૬૬૯૩૦૬૬. ★

*(પેજ નં. ૧૨ નું બાકી)*　　***૧૨ સુન્નતો...***

સાથે અદબથી પૈશ આવો અને અહેસાનની નઝરથી તમારી નમ્રતાઈની પાંખોને તે બન્ને વાસ્તે ઝુકાવો અને તેમના હક્કમાં દોઆ કરતા રહો. "અય મારા પરવરદિગાર ! જે મુજબ તે બન્નેએ મારી કમસિનીમાં-બચપણામાં મારા ઉપર શફકત કરીને, રહેમત કરીને મને મોટો કીધો છે, તે મુજબ તું પણ તેમની બુઝુર્ગી પર રહેમત કરજે, તેમને સેહત અતા કરીને મને તેમની ખિદમત કરાવજે. મારા બચપણામાં તેમને મારી હર હાજતને પૂરી કીધી, તો તું પણ મને તે અહેસાનનો બદલો તેમની ખિદમત કરીને અદા કરાવનાર કરજે." ★

**બીમારને જેમ જમન-પાની પસંદ નથી આવતું તેમ ગુમ્રાહ શખ્સને સાચી વાત પસંદ નથી આવતી.**

## -::: ૧૨ સુન્નતો :::- કિસ્ત-૩

### -::: માઁ-બાપ સાથે ભલો સુલૂક કરવો :::-

માઁ-બાવાજીની ખિદમત કરવા વાસ્તે અપના ઔલિયા (અ.સ.) ના ફરમાનો બેશુમાર છે. રસૂલુલ્લહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમેં તમારા માઁ-બાપની નાફરમાની કરવાથી ડરતા રહેજો કેમકે, જે જન્નતની હવાને બંદાઓ પાઁચસો સાલના વક્ત બરાબર એક રસ્તા પર ગુઝર કરીને હાસિલ કરી શકે છે તે માઁ-બાપની ફરમાઁબરદારી કરનાર શખ્સ એમની ખિદમત કરવાના સબબ પલભરમાં હાસિલ કરી લે છે. આપ નબી સાહબે ફરમાવું કે, જે કોઈ પોતાના બાવાજીના મૌત બાદ તેની તરફથી હજ્જ કરે, હજ્જે બદલ કરે તો તેના આ અમલથી તેના બાવાજીને હજ્જનો સવાબ મિલે અને ફરઝંદને જહન્નમથી આઝાદીનો પરવાનો મિલે. **જે શખ્સ વાલેદૈનની ખિદમત કરશે તો તેની ઔલાદ તેની ખિદમત કરશે,** હવે જે શખ્સ તેના વાલેદૈનની બેઈઝઝતી કરશે તો તેને વાસ્તે તેની ઔલાદ પણ એ જ મુજબ કરશે.

અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) ફરમાવે છે કે, વાલેદૈનને તોછડો લફ્ઝ કહેવા કરતા પણ કોઈ ઓછી નાફરમાની હોતી તો ખુદાતઆલા તે પણ હરામ કરતા. આ વાસ્તે નાફરમાન શખ્સ ચાહે ત્યાં તક તેના વાલેદૈનની નાફરમાની કરી લે પણ તે કોઈ વક્ત જન્નતમાં દાખિલ થઈ શકતો નથી. આ જ મુજબ વાલેદૈનની ચાકરી કરનાર નૈક-બખ્ત શખ્સ તેનાથી બને તેટલી ચાકરી માઁ-બાપની કરી લે પણ તે કોઈ વક્ત જહન્નમમાં દાખિલ થઈ શકતો નથી. **ખુદાની ખુશી વાલેદૈનની ખુશી સાથે છે અને ખુદાનો ગુસ્સો વાલેદૈનના ગુસ્સાને સાથે છે.** આપના એક શીઆ કહે છે કે, જે વક્ત હું મારી માઁ સાથે વાત કરૂં છું, તે વક્ત એક હાકિમ બાદશાહ સામે વાત કરતા દિલમાં કેટલો ડર પૈદા થાય, તેવો હું ડરૂં છું. મૌલાના ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ને કોઈએ સવાલ કીધો કે, આપ મૌલા તો તમામ કરતા વધારે આપના માઁ સાહેબના ફરમાઁબરદાર છો તો પણ આપ આજે એમના સાથે એક થાલમાં બેસીને શું કામ જમા નહીં ? આપ મૌલાએ જવાબમાં કહ્યું કે, મને ડર લાગો કે, શાયદ, મારા માઁ સાહેબાના હાથ કરતા મારો હાથ જમન ઉપર પહેલો જઈ પડે અને તેમ કરતાં તે મને જોઈ લે તો **હું નાફરમાનમાં ગણાય જાઉં.**

એક શખ્સે પોતાના ફરઝંદને પાની લાવવાનું કહ્યું. જે વક્ત તે પાની લઈને આવો તો તેના બાવાજી સુઈ ગયા હતા. તે ફરઝંદના દિલમાં ઘણો જ અફસોસ થયો કે, તે વક્ત પર પાની ન લાવી શકો ! તેના બાવાજી હમણા આઁખ ખોલશે અને પાની માઁગશે, તે ખયાલમાં ફરઝંદ પોતાની જગા પર પૂરી રાત તક પાની લઈને ઉભો થઈ રહ્યો. ફરઝંદે બાવાજીની ઊંઘમાં ખલલ ન કીધી તેમ તેમના હુકમ બગૈર પાની મુકીને પોતાની જગા પણ ન છોડી. ખુદાતઆલા કુરઆને કરીમમાં ફરઝંદોને હુકમ કરે છે કે, **તમેં તમારા વાલેદૈનને ઉફ-તુફ ન કરો, કડક અલ્ફાઝથી વાત ન કરો, કડવી ઝબાનથી ન બોલો, ગુસ્સાનો અસર ચહેરા પર ન લાવો.** તેમના

*(બકીયાહ પેજ નં. ૧૧ પર)*

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.


**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**

નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,

વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.

મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**

(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★

## -::: ઝાહેર ખબર :::-


### MAXIM REFRIGERATION

Repairs & Services of all types of
Refrigerators, ACs & Washing machines
& Annual Maintenance.
B-10, Vishramnagar Society,
Opp. Taksh Complex, Vasna Road, Vadodara.
**Mashkur - 9925595229 ★**

Ismat Madam's
### GENIUS PERSONAL TUITION CLASS

Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

### માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,
પાણીગેટ, વડોદરા - ૧૭.
**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**
ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

### RUBY COLLECTION

# Fancy Rida # Rida Material # T-shirts #
Izaar-payjamas # Fancy Lace # Fancy Jodi
All Types of cotton dresses & materials.
**Address :** Near Sulemani Bank,
Opp. MES Girls High School, Gendi Gate,
Vadodara. **M.: 9998058057.★**


## -::: ઝાહેર ખબર :::-


### IMAGE ACCOUNTANCY

Ibrahim H. Tinwala
M.: 9898442032
Contact for all types of computer accounting
work, sales tax return manual & vat-e-return,
CST-e-return & Personal return.

### ZULFI TRAVELS

Zulfiqarali H. Tinwala
M.: 9974382384 (R) 2510639
Govt.Authorised IRCTC Railway Agent
Contact for all types of
Railway ticket booking, Air & Bus Booking.
**B-203, Sakina Appt., Taiyebi Park
Society, Ajwa Road, Vadodara. ★**

### ROYAL EVENTS

Weddings, Birthday Parties, Anniversaries, Brand Promotion, Product Launch, Road Shows, Corporate Events, Conferences, Etc.
**Ali Asgar Lalawala (Clipwala)**
M.: +919825578694
**Lameaa Lalawala (Clipwala)**
M.: +919712997860
C-201, Gulistan Appt., Near Taiyebi Park
Society, Ajwa Road, Vadodara-390 019.★

**Arwa I. Boxwala** M.: 9601168812
**Maddona Beauty Parlor**
Specialist in : Bridal Makeup,
Hair Style, Manicure, Pedicure.
Afrin Mehndi Packet
Black & Burgundy Colour.
Mehndi Cone also available.
Saifee Mohalla, Nr.Shraddha Communication,
Vorwad, Gendi Gate, VADODARA.★


## -::: મુબારકબાદ :::-



**શીરીન
નાયબઅલી
સોરંગવાલા**



**અલીઅબ્બાસ
હુસેનઅલી
સુરતી**



**ઝૈનબ
હાશિમઅલી
નડિયાદવાલા**




**અલીઅસગર
રોનકઅલી
પહેલવાન**

આ બચ્ચાઓએ શહરૂલ્લાહિલ હરામના પૂરા મહીનાના રોઝા પહેલી વક્ત રાખેલા છે. તેના વાલેદૈન, ઘરવાલા અને અલ-હાદી તેમને ઇલ્મી તરક્કી, ઉમ્ર દરાઝી અને પરહેઝગારીની દોઆએ ખૈર સાથે મુબારકબાદી આપે છે. ★

**જે ફક્ત ખયાલાતની દુનિયામાં ગુમ હશે તેને આખેરતની રાહ હરગિઝ નસીબ નહી થાય.**

## -::: સાલગિરહ મુબારક :::-



**ફખરૂદ્દીન**
**(પહેલી સાલગિરહ)**



**સાહિલઅલી**
**(બીજી સાલગિરહ)**

પ્યારા દિકરા ફખરૂદ્દીનને ૧૨ ઝિલકાદના દિન, તેની પહેલી સાલગિરહની મુબારકબાદી તેના વાલેદૈન અનીસ અને સોફીયા ટ્રંકવાલા તહે દીલથી પૈશ કરે છે. ફેમીલીના બધા જ અફરાદ પણ સાલગિરહની આ મસર્રતમાં શામિલ છે. ★

પ્યારા દિકરા સાહિલઅલીને ૧ ઝિલકાદના દિન, તેની બીજી સાલગિરહની તેહનીયત તેના માઁ-બાવાજી અલ્તાફ અને નાઝનીન કાગદી પુરમસર્રત દિલથી ઘરના બધા જ લોગોની દોઆઓ સાથે પૈશ કરે છે. ★

## -::: ઝાહેર ખબર :::-


### અલીફીયા સોરંગવાલા

મો.: ૯૫૩૭૫૧૯૮૬૭

ઘરના વાતાવરણમાં પૌષ્ટીક નાસ્તા સાથે તમારા બાળકના ભવિષ્યનો પાયો મજબૂત કરો. ૨ વર્ષથી ૪ વર્ષ સુધીના બાળકોને એડમીશન આપવામાં આવે છે. JKG, SKG, 1st, 2nd, 3rd સુધીના ટ્યુશન અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના આપવામાં આવે છે. કોમ્પ્યુટર કલાસમાં બેઝીક, ટેલી, ડી.ટી.પી, સી. પ્લસ પ્રોગ્રામ અને ડિપ્લોમાં (ડી.સી.એ.) તથા ઓફિસ વર્ક ખૂબ જ સરળતાથી અને વ્યાજબી ભાવે શીખવાડવામાં આવે છે. ★

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★


## -::: ઝાહેર ખબર :::-


### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

### નૂર ગેસ સેલ્સ એન્ડ સર્વિસ

મો.: ૯૮૨૪૩૯૨૭૧૩

**દરેક પ્રકારના ગેસના ચુલા સંતોષકારક અને ખાત્રીપૂર્વક તાત્કાલીક રીપેરીંગ કરી આપનાર.**

**(હોમ સર્વિસ સાથે)**

બરાનપુરા, શિવાજી બેંકની સામે, વડોદરા. ★

**.... કારપેટ .... કારપેટ .... કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

### લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬

વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★





**જે શખ્સ કોઈ તંગદસ્તને સહેલાચ કરી આપે તો અલ્લાહ દુનિયા અને આખેરત એને સહેલાચ કરી આપશે.**

**પરહૈઝગાર ઔલાદ કીમતી વિરાસત છે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /– (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તારવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★